બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# મંદિરના આગેવાનો ઈસુની મુલાકાત કરે છે

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : M. Maillot; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

એક દિવસે ઈસુ મંદિરમાં ગયા ત્યારે તેમણે અમૂક વ્યક્તિઓને ઈશ્વરના ઘરને લાંછન લાગે તેવું કામ કરતા જોયા.



તે લોકો મંદિરમાં પ્રાણીઓનો વેપાર કરતા હતા અને પૈસાની લેવડ-દેવડ કરતા હતાં!



સુતરના તારમાંથી ઈસુએ કોરડો બનાવ્યો, અને તેણે ત્યાં બેઠેલા ધંધાદારીઓને નસાડી મૂક્યા. “આ તમારી વસ્તુઓ લઈ જાઓ” તેણે હુકમ કર્યો.



“મારા પિતાના ઘરને ધંધાનું સ્થળ ન બનાવો.” કારણ કે ઈસુ તેના પિતાના ઘર પર પ્રેમ કરતો હતો.





ત્યાં આગેવાનો
ઈસુ પાસે
નિશાની
માંગી. કે કયા
અધિકારથી તે
મંદિર સાફ
કરાવે છે.



“આ મંદિરનો તમે
નાશ કરો અને તેને
હું ત્રણ દિવસમાં
ઊભુ કરી દઈશ.”
ઈસુએ જવાબ
આપ્યો. અશક્ય!
આ મંદિર
બનાવતા ચાલીસ
વર્ષ લાગ્યા હતાં.

પણ ઈસુ તો પોતાના શરીર વિશે બોલ્યો હતો. મંદિરની જેમ જ, તેનું શરીર ઈશ્વરનું રહેવાનું સ્થળ હતું. ઈસુ વધસ્થંભ પર જવાના હતા પણ ત્રીજે દિવસે તે મુએલામાંથી પાછા ઉઠવાના હતાં.





એક રાત્રે મંદિરના આગેવાનોમાંના એકે ઈસુની મુલાકાત લીધી. તેને ઈસુએ કરેલા ચમત્કારો દ્વારા ખબર હતી કે ઈશ્વર તરફથી મોકલાયેલા વ્યક્તી છે.



નિકોદેમસ ઈસુ પાસે આવ્યો જેથી તે ઈશ્વર વિશે વધુ જાણી શકે.



ઈસુએ
નિકોદેમશને
કહ્યું કે જો તારે
ઈશ્વરના રાજ્યમાં
પ્રવેશ પામવો
હોય તો તારે
નવો જન્મ
પામવો જોઈએ.



નિકોદેમસ સમજી
શક્યો નહીં. પુખ્ત
વયનો માણસ
કેવી રીતે બાળક
બની શકે? તે સાથે
તે ધાર્મિક હતો. શું
તે તેના માટે પૂરતું
ન હતું.



"જે આત્માથી જન્મેલું છે
તે આત્મા છે." ઈસુએ
સમજાવ્યું. "ઈશ્વરનો
આત્મા પવન સમાન
છે. લોકો પવનને
જોઈ કે સમજી શકતા
નથી. તેઓ પવનને
ફક્ત અનુભવી શકે છે
કે તે શું કરે છે."



ઈસુએ નિકોદેમસને યાદ દેવડાવ્યું કે ઘણી
વખત પહેલા ઈસ્રાએલ પુત્રો કેવી રીતે મુસાને ફરીયાદ
કરતા હતાં. “અમારી પાસે ખોરાક નથી, પાણી નથી
અને જે રોટલી પ્રભુ આપે છે તે અમને ગમતી નથી.”


લોકોના પાપથી ઈશ્વરને
ગુસ્સો આવ્યો હતો. ઈશ્વરે તેમને માટે
આગીયા સાપ મોકલ્યા હતાં. આ સાપો ઘણા લોકોને
કરડ્યા. ઘણા લોકો મરી પણ
ગયા.


“અમે પાપ કર્યું છે.
ઈશ્વરને પ્રાર્થના કરો પ્રભુ
આ સાપોને લઈ લે” લોકોએ દયાની
માંગણી કરી. તેથી મુસાએ તેમના
માટે પ્રાર્થના કરી. પણ ઈશ્વરે
સાપોને લઈ લીધા નહિં.


ઈશ્વરે મુસાને કહ્યું કે તે આગીયો
સાપ બનાવીને એ સ્થંભ પર ઊંચો
લટકાવે. “જો કોઈને એ સાપ કરડ્યો
હોય અને જો તે લટકાવેલા સાપ
તરફ દૃષ્ટિ કરશે તો તે જીવી જશે.”


ઈશ્વરે વચન આપ્યું. તેથી
મુસાએ પિતળનો સાપ
બનાવ્યો અને જે લોકો તેને
જોયો તે બધાં સાજા થઈ ગયાં.


ઈસએ નિકોદેમસને
કહ્યું કે માણસનો દિકરો
પિત્તળના સાપ સમાન ઊંચો
કરવામાં આવશે. ઈસુએ
વધસ્થંભ વિશે દર્શાવ્યું હતું
કે જ્યાં તે પાપીઓ
માટે મરવાના હતાં.


ઈસુએ કહ્યું કે, “દેવે જગત
પર એટલી બધી પ્રીતિ
કરી કે તેણે પોતાનો
એકનો એક દિકરો
આપી દીધો.


જો કોઈ તેના નામ પર
વિશ્વાસ કરશે તેનો નાશ
નહીં થાય પણ તે
અનંતજીવન
પ્રાપ્ત કરશે.”


એનો અર્થ એવો કે જે
કોઈ પ્રભુ ઈસુ પર વિશ્વાસ
કરે છે તે ઈશ્વરના
કુટુંબમાં જન્મ
લે છે.

કદાચ નિકોદેમસ તે રાત્રે ઈસુનો શિષ્ય બન્યો નહીં.
પણ વર્ષો પછી નિકોદેમસે ઈસુ જે ઈશ્વરનો
પુત્ર હતો તેના પર પ્રેમ દર્શાવ્યો.
જેમ કે તેણે ઈસુના વધસ્થંભ
જડાવ્યા પછી તેની
દફનવિધીમાં
મદદ કરી.



એ બિના બન્યા પછી તેના શિષ્યો સાથે ઉત્તર તરફ જવા નીકળી પડ્યા. બીજા ઘણા લોકોને ઈશ્વરના રાજ્યની વાત સંભળાવવાની હતી.



અને જેથી તેઓ એક તક મળે જેથઈ તેઓ નાઝરેથને ઈસુ જે દેવનો પુત્ર હતો તેના પર વિશ્વાસ કરી શકે.



મંદિરના આગેવાનો ઈસુની મુલાકાત કરે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યોહાન ૨-૩, ગણના ૨૧

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦


સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬